

**તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૪ ટકા


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૨ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવાર ; મહા સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ગ્રોસરી પરની એક્સાઈઝ હટાવવાના અણસાર

**સામાન્ય લોકોના માસિક ગ્રોસરી બિલમાં વધારો થવાના સંકેત : જીએસટીની દિશામાં મક્કમતાપૂર્વક આગળ વધવાનો કેન્દ્ર સરકારનો સંકેત જુદા જુદા વિકલ્પ ઉપર વિચારણા : વર્તમાન એક્સાઈઝ માળખાની સમીક્ષા**

નવી દિલ્હી,તા. ૧૨

વર્ષ ૨૦૧૬-૧૭ માટેના બજેટમાં કેટલીક ગ્રોસરી વસ્તુઓ માટેની એક્સાઈઝ મુક્તિનો અંત આવી શકે છે. સરકાર જીએસટીની દિશામાં આગળ વધી શકે છે. બજેટ રજૂ કરવામાં આવ્યા સામાન્ય લોકોના ગ્રોસરી બિલમાં વધારો થઈ શકે છે. સરકાર એક્સાઈઝ ડ્યુટી મુક્તિની નાબુદી કરવાની દિશામાં આગળ વધી શકે છે. કેટલીક ચીજવસ્તુઓ પર લાગુ થતા તમામ લોએસ્ટ રેટ લાગુ કરવામાં આવી શકે છે. જીએસટીને અમલી બનાવવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. ગ્રીન ટી, ચીઝ, આઈસક્રીમ, ફ્રોઝન ફુડ પ્રોડક્ટસ, પાસ્તા, રેડીમેડ ફુડ્સ, પેકેજ ફ્રુટ્સ જ્યુસ અને સોયા મિલ્ક પર એક્સાઈઝ ડ્યુટીને લઈને વિચારમા કરવામાં આવી શકે છે. આ વસ્તુઓ પૈકીની કેટલીક વસ્તુઓ પર હાલમાં શુન્યથી છ ટકા એક્સાઈઝ ડ્યુટી લાગુ થાય થાય છે. એક્સાઈઝ ડ્યુટીમાં અનેક મુક્તિ વર્ષો સુધી લાગુ રહી છે. જીએસટીને લઈને મામલો ગરમ છે ત્યારે ટુંક સમયમાં પાસા પર વિચારણા થઈ શકે છે. વર્તમાન માળખા પર ફરી ધ્યાન આપવામાં આવી શકે છે. બજેટ સત્ર દરમિયાન જીએસટીને નવેસરથી રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. બંધારણીય સુધારા બિલ માટે કોંગ્રેસની તરફથી કરાઈ રહેલી રજૂઆતો તરફ પણ ધ્યાન આપવામાં આવી શકે છે. સરકાર જીએસટીને અમલી બનાવવા માટે પહેલી એપ્રિલની મહેતલ નક્કી કરી ચુકી છે પરતુ આ સમયમર્યાદા સુધી જીએસટીને અમલી કરવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. ૩૦૦થી વધારે ચીજવસ્તુઓને એકસાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવેલી છે. આવી જ રીતે ૧.૫ કરોડથી નીચેના ટર્નઓવર ધરાવનાર કંપનીને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવેલી છે.

## હનુમંતથપ્પાની અંતિમયાત્રા



**વતન ગામ બેતાદુરમાં હજારો લોકો ઉમટી પડ્યા મદ્રાસ રેજિમેન્ટના જવાનો, સ્થાનિકો, રાજ્ય સરકારના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા : અશ્રુભીની વિદાય અપાઈ**

નવી દિલ્હી,તા. ૧૧

સિયાચીનના સાહસી જવાન લાન્સ નાયક હનુમંત થાપાના આજે કર્ણાટકના ધારવાડ જિલ્લામાં તેમના વતન ગામ બેતાદુર ગામમાં સંપૂર્ણ સમ્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. સિયાચીન ગ્લેશિયરમાં હિમવર્ષા વેળા બરફની શીલા પડી ગયા બાદ અન્યો સાથે લાપત્તા થયેલા લાન્સ નાયક હનુમંત થાપા છ દિવસ પછી જીવિત મળી આવ્યા હતા. જો કે, બે દિવસ સુધી હોસ્પિટલમાં જીવન સાથે સંઘર્ષ કર્યા બાદ તેમનું ગઈકાલે દિલ્હીની આરઆર હોસ્પિટલમાં અવસાન થયું હતું. હજારો સ્થાનિક અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓની સાથે હનુમંત થાપાના અંતિમસંસ્કારમાં મદ્રાસ રેજિમેન્ટના જવાનો પણ જોડાયા હતા. અગાઉ તેમના મૃતદેહને હુબલીમાં નહેરુ સ્ટેડિયમ ખાતે લાવવામાં આવ્યો હતો જ્યાં આ સાહસી જવાનને તમામે શ્રદ્ધાંજલિ આપી હતી. સિયાચીન ગ્લેશિયરમાં હિમવર્ષા દરમિયાન વિશાળ બરફશીલા ધસી પડ્યા બાદ દટાઈ પછી ચમત્કારિકરીતે છ દિવસ પછી જીવિત નિકળેલા લાન્સ નાયક હનુમંત થાપાને ગઈકાલે ૧૧.૪૫ વાગે અવસાન થઈ ગયું હતું. ૩૩ વર્ષીય જવાનને ચમત્કારિક વ્યક્તિ તરીકે નામ અપાયું હતું. તેમના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હનુમંત થાપાને શ્રદ્ધાંજલિ આપવામાં દેશનું નેતૃત્વ કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, લાન્સ નાયક હનુમંત થાપા પર અમને ગર્વ છે.

## નવા વિશ્વ યુદ્ધની રશિયન વડાપ્રધાને ચેતવણી આપી

**સિરિયામાં અરબ તાકાતો ભેગી થશે તો યુદ્ધ થશે**

મ્યુનિખ,તા. ૧૨

રશિયન વડાપ્રધાન દમિત્રી મેદવેદેવે એમ કહીને વિશ્વની ચિંતા વધારી દીધી છે કે નવા વિશ્વ યુદ્ધની શક્યતા રહેલી છે.તેમણે કહ્યુ છે કે જો સિરિયામાં અરબ તાકાતોની એન્ટ્રી થશે તો આ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે. તેમણે કહ્યુ છે કે અમને યુદ્ધવિરામની દિશામાં આગળ વધવા અને તેના પર વિચારણા કરવાની જરૂર છે. દમિત્રી કેટલાક પ્રશ્નોના સીધા જવાબ આપી રહ્યા હતા. દમિત્રીએ કહ્યુ હતુ કે અમેરિકન અને અરબી ભાગીદારોએ તમામ પાસા પર વિચારમા કરવાની જરૂર છે. તેમમે કહ્યુ હતુ કે હાલમાં દરેક દેશ અન્યની સાથે સંઘર્ષમાં વ્યસ્ત છે. સિરિયામાં ઉભી થયેલી કટોકટીના મામલે વિશ્વના દેશોના નેતાઓની બેઠક હાલમાં યોજાઈ હતી. સિરિયામાં એક સપ્તાહની અંદર ખુની સંઘર્ષનો અંત લાવવાની કટિબદ્ધતા હાલમાં વ્યક્ત કરવામાં આવી છે. રસિયન વડાપ્રધાને કહ્યુ હતુ કે જો તમામ પક્ષો એક સાથે તમામ મુદ્દે વાતચીતની દિશામાં આગળ વધશે નહી તો નવા વિશ્વ યુદ્ધના સંકેત દેખાઈ શકે છે. જર્મનીના મ્યુનિખ ખાતે અમેરિકાના વિદેશ પ્રધાન જોન કેરીએ રશિયન વિદેશ પ્રધાન સર્ગેઈ લાવરોવ અને સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધી સાથે વાતચીત કરી હતી.

## નેશનલ હેરાલ્ડ કેસમાં સ્ટે માટેની અરજી સુપ્રીમે ફગાવી

**ટ્રાયલ કોર્ટની કાર્યવાહીમાં દરમિયાનગીરી કરવાનો ઇન્કાર : હાલના તબક્કે સ્ટે મુકવાનો કોઇ જ અર્થ નથી : અંગત હાજરીમાંથી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, અન્યોને મુક્તિ આપી : ૨૦મીએ વધુ સુનાવણી કરાશે**



નવી દિલ્હી,તા. ૧૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રિમ કોર્ટે ભારે ચરચાર જગાવનાર નેશનલ હેરાલ્ડ કેસમાં ટ્રાયલ કોર્ટની પ્રક્રિયાને રોકી દેવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. સ્ટે માટેની કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની માંગણી કરતી અરજીને ફગાવી દીધી હતી. જો કે, અંગત હાજરીમાંથી બંનેને મુક્તિ આપવાની તૈયારી દર્શાવી હતી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હાલના તબક્કે સ્ટે માટેનો કોઈ અવકાશ દેખાતો નથી. જસ્ટિસ જેએસ ખેહર અને નાગપ્પનની બનેલી બેંચે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી

● અનુસંધાન પાન-૭ પર

## કચ્છના સરહદી વિસ્તારમાંથી પાકિસ્તાની શખ્સ ઝડપાયો

**બોર્ડર પિલર નંબર ૧૦૦૫ ખાતે ઝડપાયો : પાકિસ્તાનના પંજાબ પ્રાંતના શખ્સની અટકાયત કરવામાં આવ્યા બાદ અન્ય કેન્દ્રીય સંસ્થાઓ પુછપરછ કરી શકે**

ભુજ,તા. ૧૨

ગુજરાતના કચ્છ જિલ્લામાં ગેરકાયદેરીતે સરહદને પાર કરતી વેળા બીએસએફના જવાનોએ એક પાકિસ્તાની શખ્સની ધરપકડ કરી લીધી છે. અધિકારીઓએ આજે માહિતી આપતા આ મુજબની વાત કરી હતી. બી એસ એફ અધિકારીઓએ કહ્યું હતું કે, રિયાઝ ભટ્ટી નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. તે ગેરકાયદેરીતે સરહદ પાર કરવાના પ્રયાસ કરી રહ્યો હતો. તેની સરહદી પિલર નંબર ૧૦૦૫ ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં સરહદી વાડ બનાવવામાં આવી નથી.

અધિકારીઓનું કહેવું છે કે, ૫૦ વર્ષથી ઓછી વયના આ શખ્સની પુછપરછ હાથ ધરવામાં આવી છે તે પાકિસ્તાનના પંજાબ પ્રાંતનો હોવાની માહિતી મળી છે. મોડેથી કાયદાકીય પ્રક્રિયાના ભાગરુપે તેને રાપર પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો હતો.

## રાજદ્રોહ પ્રકરણે હાર્દિકના જામીન પર સુનાવણી મોકૂફ

સુરત, તા.૧૨

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની જામીન અરજીની સુનાવણી આજે ૧૫મી ફેબ્રુઆરી સુધી મોકૂફ કરી દેવામાં આવી હતી. હાર્દિક પટેલને હાલ કોઈપણ રાહત મળે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. સરકારી વકીલ નયન સુખડવાલા રજા ઉપર હોવાથી કોર્ટ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાર્દિક પટેલની જામીન અરજી ઉપર સુનાવણીને લઈને તમામ લોકોની નજર આજે કેન્દ્રિત રહી હતી. હાર્દિક પટેલને જેલમાંથી મુક્ત કરવાની માંગ કરીને પાટીદારો જુદા જુદા કાર્યક્રમો યોજી રહ્યા છે.

આવા સમયમાં હાર્દિક પટેલની જામીન અરજી ઉપર સુનાવણી ફરી એકવાર ટળી જતાં પાટીદારોને નિરાશા સાંપડી છે. સુરત પોલીસ દ્વારા નોંધાયેલા રાજદ્રોહના કેસમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા જામીન અરજી કરવામાં આવી હતી. આજે તેની સુનાવણી સુરતની સેશન્સ કોર્ટમાં રાખવામાં આવી હતી. સરકારી વકીલ નયન સુખડવાલા રજા પર હોવાથી તેઓ સુનાવણીમાં હાજર રહ્યાં ન હતા. જેના કારણે કોર્ટ દ્વારા સુનાવણી ૧૫ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવી હતી.


હવે ઘર આંગણે થશે સ્વપ્ન સાકાર
**વિંગ્સ આપે છે વંધ્યત્વને પડકાર**
**વિંગ્સ ચેલેન્જ કેમ્પ**
— આવતી કાલે તમારા શહેરમાં —
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
78787 77222 / 98250 50565
કેમ્પનું સ્થળ
— ગાંધીનગર —
પથિકાશ્રમ હૉટેલ, એસ. ટી. ડેપો ની પાસે, ઘ-3 સર્કલ, સેક્ટર નં-11, ઘ રોડ.
સમય:11.00 a.m. - 5.00 p.m.
આવનાર દરેક દર્દીએ રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે.
આ ટ્રીટમેન્ટ દરમિયાન દર્દીએ માત્ર 2 જ વખત અમદાવાદની વિંગ્સ હોસ્પિટલની મુલાકાત લેવાની રહેશે.
વિંગ્સ હોસ્પિટલ, અમદાવાદથી ડૉક્ટર્સની ટીમ દ્વારા આ કેમ્પનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે.
4500થી વધુ સફળ જન્મ
મહત્તમ સફળતા આંક વૈજ્ઞાનિક ધોરણે

WINGS
IVF ENDOSCOPY
Giving birth to your hope
2, સુમંગલમ સોસાયટી, ડ્રાઈવ-ઈન સિનેમાની સામે, થલતેજ, અમદાવાદ- 380054.
Web.: www.wingshospitals.com, www.surrogacygujarat.com
અમદાવાદ | રાજકોટ
લિંગપરિક્ષણ એક કાનૂની ગુનો છે અને વિંગ્સ હોસ્પિટલમાં તે કરી આપવામાં આવશે નહીં.
વિંગ્સ છે, તો વિશ્વાસ છે.
HETARSH

BECAUSE WE LOVE LOVE

THE 100% EGGLESS BAKE SHOP
KABHI B bakery & patisserie
infocity, gandhinagar
m : 85111 74752
KABHI B BAKE STUDIO
district shopping center sec.21, gandhinagar
m : 85111 07630
www.kabhi-b.com

**BOI હોમ લોન એક્સપો-2016**
પધારો અને પસંદ કરો તમારૂ સપનાનું ઘર ગાંધીનગરમાં
Bank of India
Relationship beyond banking
તારીખ : 13-2-2016, શનિવાર ● સ્થળ: ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ
● સમય : સવારે 10.00 થી સાંજે 6.00
● નાણાંની પરત ચુકવણી 30 વર્ષ સુધી ● અગાઉથી નાણાંની ચુકવણી પર કોઈ ચાર્જીસ નહિ ● ફ્રી પર્સનલ એક્સીડેન્ટ ઇન્સ્યોરન્સ*
● હોમ લોન પર ઓવર ડ્રાફ્ટની સુવિધા ઉપલબ્ધ ● પ્રોસેસીંગ ચાર્જીસ ફ્રી

20% તમે ચૂકવશો બુકિંગ સમયે
80% આપના માટે ચૂકવશે બેંક
10% આપના વતી અમો ચૂકવીશું (સર્વિસ ટેક્ષ અને સ્ટેમ્પ ડ્યુટી પઝેશન સમયે)
13 - 16% વધુ વપરાશલાયક બિલ્ટ-અપ એરિયા
68% અંદરનો બાંધકામ એરિયા ● 32% બહારનો બાંધકામ એરિયા
100% દસ્તાવેજ અને લોન પેપર્સ ● તમારા રોકાણનું મહત્તમ વળતર
ગ્રીન બિલ્ડીંગ સર્ટીફીકેશન – ઈકો ફ્રેન્ડલી અને સ્વસ્થ જીવન આપતું વાતાવરણ ● ચાર જ મહિનામાં પઝેશન
લોકેશન: ગિફ્ટ સીટી 3 કિ.મી., મેટ્રો રેલ 800 મીટર, PDPU અને લો યુનિર્વસિટી 500 મીટર, એરપોર્ટ 14 કિ.મી., DPS, NIFT, NID, ઈન્ફોસીટી, ગાંધીનગર અને અમદાવાદની મધ્યમાં
Luvkush 4
2 & 3 BHK Luxurious Apartments
PDPU - પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી રોડ, ભાઈજીપુરા પાટિયા સામે, રાયસણ - ગાંધીનગર
CALL:07048481234, 07048491234
GIVE MISS CALL ON 8000992222
શ્રી shree Real Estate Developers